4/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૮

વર્ષ-૧૦ • અંક-૮૯ • સળંગ અંક - ૨૫૦૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૨૫.૦૦
સંવત - ૨૦૮૨
શ્રાવણ વદ-૦૬, બુધવાર
તા. ૦૨-૦૯-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૬.૫૧.૫૬

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**ગોધરા** હાલે અમદાવાદના **કુ. કવિષા વિપુલ ગોસર** (ઉં.વ. ૨૪) તા. ૨૯-૦૮-૨૬ના અકસ્માતથી અવસાન પામેલ છે. સ્વ. મધુરી રમણીકલાલ કુંવરજી ગોસરની પૌત્રી. સ્વ. કુંજલ વિપુલની સુપુત્રી. મીતની બેન. સાભરાઈના જીનલ નિલેશ કારાણીની ભત્રીજી. ક્રિશાની મામાઈ બેન. નવાવાસના સરોજ કિશોર વિસરીયાની દોહિત્રી. ઉર્વી ગૌતમ, કાજલ વિપુલની ભાણેજી. મનની માસીયાઈ બેન. આધા-ખિયાની ફુયાઈ બેન. ગોધરાના લીલાવંતી કાંતિલાલ, રેવંતી મણીલાલ, મીના હરખચંદ, મોટા આસંબિયાના ભારતી અમૃતલાલના ભત્રીજાપુત્રી. તલવાણાના કસ્તુર ધનજી પોલડિયાની દોહિત્રપુત્રી. વર્ષા ભૂપેન્દ્ર, નાંગલપુરના હિના રાજેશની ભાણેજપુત્રી. ભાવના કિશોર, સ્વીટી મનીષ, અમીષા નિલેશ, કોમલ પારસ, હેમાલી વિશાલ, મનીષા દિપેશ, જીજ્ઞા જયેશની પિત્તરાઈ ભત્રીજી. સદ્ગતનાં આત્મા શ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. વિપુલ ગોસર - ૩૦૧, શ્યામલ ફ્લેટ્સ, ૧૨, ગુજરાત સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૦૭. સંપર્ક : રમણીકલાલ-૯૪૨૮૩૫૧૩૭૦, જીનલ-૮૧૦૫૬૭૭૫૩૨.

4/1/1 --------- (1-5)



**રાયણ**ના **હર્ષલ શૈલેષ ગાલા** (ઉ.વ.૪૪) તા. ૨૬-૮-૨૬ ના હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. મીઠીબાઈ ટોકરશી વેરશીના પૌત્ર. અમૃતબેન શૈલેષના પુત્ર. હેલીનના પતિ. શૈલ, વ્રીયાના પિતા. કુણાલ, અમીના ભાઈ. એકલના જેઠ. પૂના રોહિત રમેશના સાળા. રાજના કાકા. અયાંશ, આયુશના મામા. રાયણ લક્ષ્મીબેન મણીલાલ, જયાબેન ધીરેન, કુસુમબેન પ્રવિણ, સરલા મૂળરાજ, ભારાપુર નની/ભારતી વસંતના ભત્રીજા. લાયજા મણીબાઈ વીરજી ટોકરશી છેડાના દોહિત્ર. લાયજા રસીકબેન ખીમજી, નિર્મલા મુલચંદ, મૃદુલા જયંતિલાલ, બાડા જયાબેન લક્ષ્મીચંદ, કોડાય સુશીલા હસમુખ, બાડા મંજુલા નરેન્દ્રના ભાણેજ. બાડા ચંચળબેન કલ્યાણજી પાલણના પૌત્રીવર. અરૂણાબેન કાંતિભાઈ ગડાના જમાઈ. વીનસના બનેવી. બાડા સચીન રમેશના સાઢુ. બાડા મંજુલાબેન મણીલાલ, રેખાબેન કિશોર, ગોધરા જ્યોતિબેન જયંતભાઈના ભ.વર. લાયજા ઝવેરબેન કલ્યાણજીના દો.વર. લાયજા ભાવનાબેન વસંત, ગીતાબેન અશ્વિન, ભીંસરા ગુણવંતીબેન નવીનના ભા.વર. **પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.** નિ : અમૃતબેન ગાલા..પંચવટી ફાર્મ, જી.ઈ.બી.ની પાછળ, જી.આઈ.ડી.સી., ઉમરગામ (વે), ૩૯૬૧૭૧. અમૃતબેન-૯૭૭૩૨૦૫૨૦૬, હેલીન-૯૪૨૮૭૬૨૬૨૨, કુણાલ-૯૨૨૭૭૧૨૪૦૧.

4/1/1 --------- (1-5)



**લાખાપુર**ના **શ્રી પંકજ ડુંગરશી ઘરોડ** (ઉ.વ. ૬૮) તા. ૩૧-૮-૨૬ ના સવારે ૩.૩૦ ક. ૮ દિવસના અનશનવ્રત સાથે દેહત્યાગ કરેલ છે. કુંવરબાઈ નાનજી વીરજીના પૌત્ર. હેમકુંવરબેન ડુંગરશીના પુત્ર. વનીતાના પતિ. હિરલ, રીંકુ, ઉર્વીના પિતા. ફોરમ, સાડાઉ જેનીલ, ગઢશીશા મેહુલના સસરા. સમ્યકના નાના. મુંબઈ અરૂણા નરેન્દ્ર, મેરાઉ ચંદ્રીકા દેવચંદ,ડેપા પલ્લવી જયંત, લાખાપુર જયશ્રી શાંતિલાલ, કપાયા રેખા જીતેન્દ્ર, રત્નાગીરી કોકીલા શેખરના ભાઈ. લાખાપુર કેશરબેન લાલજી, બગડા વેજબાઈ ભવાનજી, દેશલપુર લક્ષ્મીબેન લખમશીના ભત્રીજા. બારોઈ પાનબાઈ ભાણજીના દોહિત્ર. અમૃતબેન હરખચંદ, રીટા રમેશ, અનસુયા જાદવજી, બેરાજા નિર્મળા ભવાનજી, કોડાય ભાનુમતી મણીલાલ, પત્રી દમયંતી રાઘવજીના ભાણેજ. લુણી વેજબાઈ માણેક દેવજી દેઢિયાના પૌત્રીવર. નાનુબેન વિસનજીના જમાઈ. જગદીશ, જયંતિલાલ, બા.બ્ર.અન.જયાબેન, પત્રી ભાનુબેન હરીલાલ, છસરા નીતાબેન વિપુલ, રામાણીયા લીનાબેન હર્ષદના બનેવી. વર્ષાના નણંદોઈ. લુણી રતનબેન લખમશીના દો.વર. સાડાઉ નિર્મળાબેન સુરેશ, સમાઘોઘા રેખાબેન નિલેશ, ગઢશીશા નીતાબેન લખમશીના વેવાઈ. **ગુણાનુવાદ સભા રાખેલ નથી.** નિ. હિરલ ઘરોડ, ૧૬૦૧, સમર્પણ બિલ્ડીંગ નં.૯૩, પંતનગર, ઘાટકોપર (ઈ), મું-૭૫. મો.૯૮૭૦૭૮૫૩૦૫.

4/1/1 --------- (1-5)



**છસરા**ના **માતુશ્રી શાંતાબેન વસંત ગાલા** (ઉ. ૭૭) ૩૧-૦૮ ના ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. ભાણબાઈ પ્રેમજી ખીમજીના પુત્રવધુ. સ્વ. વસંતના પત્ની. મયુર, મિલનના માતુશ્રી. સ્વ. ભારતી, પ્રિયા, વિમળા (વર્ષા)ના સાસુ. ક્રીશ, ઝીલ, મેઘ, મોક્ષના દાદી. ચુનીલાલ, મહેન્દ્ર, વિનોદ, રસીક, સુરેશ, જયાલક્ષ્મી, ચંચળ, સુશીલા ના ભાભી. દમયંતી, ધનવંતી, હેમલતા, શીલા, મીનાના જેઠાણી. પત્રી દામજી વીરજી, લાખાપુર માવજી રામજી, બાડા તલક લાલજીના સાળાવેલી. છસરા રતનબેન રામજી મોણશીના સુપુત્રી. કિર્તી, હરેશ, ટોડાના મણીબાઈ લખમશી, છસરા મંજુલા લક્ષ્મીચંદ, મોરબી સરલા વિજય, કાંડાગરા રજન લહેરચંદના બહેન. શર્મીલા, વૈશાલીના નણંદ. બારોઈ વિમલા મણિલાલ, વલસાડ રૂક્ષ્મણી કેશવ, નરેડી ઝવેરબેન રામજીના વેવાણ. માલીની, મેહુલ, વૈશાલી, દીપા, ભાવિક, મિલાપ, અલ્પા, પ્રતિક, રિદ્ધી, પલકના કાકી. ચેતન, દિમ્પી, મિતેશ, હિતેશ, લીના, હેમંત, જીગ્નેશ, હિતેશ, હેતલ, પાયલના મામી. ભરત, અનિલ, મુક્તા, કિરણ, અનિલ, જતીન, ટીના, ઉર્મિ, અંકુરના માસી. અંકિતા, હર્ષા, રૂચિ, ફોરમના ફુઈ. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. મિલન વસંત ગાલા, જય સત્યમ બિલ્ડીંગ, બી : ૨૬, શિવ મંદિર રોડ, ડોંબીવલી (ઈસ્ટ) -૪૨૧૨૦૧. મયુર-૯૮૧૯૭૧૨૦૫૩, મિલન-૯૮૧૯૬૭૪૩૯૧.

4/1/1 --------- (1-5)

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

## ખબર પત્રિકાની કિંમતમાં ૧ રૂપિયાનો વધારો

સવારના ખબર પત્રિકા વિતરણ માટે વિક્રેતાઓને માણસો ન મળતા તેમજ તેમના વેતનમાં ખુબ જ વધારો થયો હોવાથી વર્તમાન પત્ર વિક્રેતા સંઘે ખબર પત્રિકા ની કિંમત અન્ય વર્તમાન પત્રો જેટલી ૬ થી ૧૦ રૂપિયા રાખવાની માંગણી છેલ્લા ૬ મહિનાથી કરતા હતા.

વર્તમાન પત્ર વિક્રેતા સંઘ સાથે સઘન ચર્ચા અને વાટાઘાટ કર્યા બાદ તેમના વિતરણ ખર્ચમાં થયેલા વધારાને અનુલક્ષીને ખબર પત્રિકા ની કિંમતમાં ફક્ત ૧ રૂપિયાનો વધારો કરી ખબર પત્રિકાની કિંમત ૪ રૂપિયા કરવામાં આવી છે

જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી.

લી. શ્રી ક.વી.ઓ. જૈન ખબર પત્રિકા સમિતિ



**કપાયા**ના **માવજી મોરારજી દેઢિયા** (ઉ.વ. ૮૩) તા. ૨૭-૮-૨૬ના ત્રણ દિવસનો સંથારો કરી કાળધર્મ પામ્યા છે. ભાનુબેનના પતિ. સ્વ. ગંગામાં વજપારના પૌત્ર. સ્વ. ગાંગબાઈ મોરારજી દેઢિયાના પુત્ર. જીગ્નેશ સ્વ. લતા, મીનલ, રૂપલ,પારૂલના પિતાશ્રી, પ્રતાપર સ્વ. કૈલેશ ધનજી, ગેલડા વિજય દામજી, બારોઈ અલ્પેશ કેશવજી,પત્રીના દિમ્પી, દેશલપર દિપેશ માવજીના સસરા, મીતના દાદા. સોનમ સંકેત છેડા રૂચી. યશ.સૂર્યાંશ.જય અને નિધિના નાના, કલ્યાણજી અને કસ્તૂરબેનના ભાઈ. જવેરબેનના જેઠ, દેવકાબેન મેગજી દેઢિયા, કેસરબેન વસનજી ગોગરીના ભત્રીજા. સ્વ શોભના, ગિરીશ, નીતિનના મોટા બાપા,નીલેશ ગુંજન, કુંજલના મોટા બાપા સસરા. ભુજપર હિમંતલાલના સાલ, પ્રફુલા સાધનાના મામા. છસરા કુંવરબાઈ નાનજી ગાલાના જમાઈ. પ્રભાબેન લક્ષ્મીચંદના બનેવી, સ્વ.ભાવના અને ઉર્મિલાના નણંદોઈ. બારોઈ માવજી મેગજીના સાઢુભાઈ. પ્રતાપર ભારતીબેન ધનજી વોરા, ગેલડા દમયંતીબેન દામજી કુરીયા બારોઈ સાકરબેન કેશવજી મોતા, પત્રી હેમલતાબેન રતિલાલ ઘરોડ, દેશલપર લક્ષ્મીબેન માવજી સોનીના વેવાઈ. **ગુણાનુવાદ સભા યોગી સભાગૃહ દાદર (સે.રે.) બુધવાર ૦૨.૦૯-૨૦૨૬ ટા. ૪ થી ૫.૩૦.** નિ. જીજ્ઞેશ દેઢિયા, એ-૬૦૨, ૬ઠ્ઠો માળ, કર્મભૂમિ, હિંગવાલા લેન ઘાટકોપર (પૂર્વ) મુંબઈ-૭૭. જીગ્નેશ-૯૮૨૦૨૨૫૯૧૦.

4/1/1 --------- (1-5)

**શ્રી ક.વિ.ઓ. બોરીવલી કાંદીવલી સોશ્યલ ફોરમ (રજી) સાંભળવાની ખુશી ફરી મેળવો**

કાનની તકલીફ હોય, ઓછું સંભળાતું હોય, સાંભળવામાં તકલીફ પડતી હોય...તો હવે સાંભળવામાં નહીં રહે કોઈ અડચણ શ્રવણ શક્તિ તપાસ તથા ઉપચાર માટે આવો ડો. નાના સાહેબ કે. હોન દ્વારા વિશેષ કાન તપાસ કેમ્પ. પોઈન્ટ મસાજ થેરાપી દ્વારા કાનની તકલીફો ઉપર ઉપચાર. તપાસ, નિદાન, નિષ્ણાંત માર્ગદર્શન માટે : તા. ૦૬-૦૯-૨૦૨૬ને રવિવારનાં સવારનાં ૯.૦૦ થી ૨.૦૦ સુધી. સ્થળ : એ-૪, તેજ પ્રકાશ, દત્તપાડા રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨. પ્લેટફોર્મ નં. ૧ અને ૨ની બાજુમાં. સાંભળવાની ખુશી પાછી મેળવો..કાનની કાળજી આજે જ લો.. બુકીંગ માટે સંપર્ક : પંકજ મણીલાલ દેઢીયા : 9757380573. ઓડીયો ગ્રામનાં રૂા. ૫૦૦/- તથા ટ્રીટમેન્ટ ચાર્જ રૂા. ૩૬૦૦/- પ્રતિ વ્યક્તિ. લિ. શ્રી ક.વિ.ઓ. બોરીવલી કાંદીવલી સોશ્યલ ફોરમ પરીવાર.

4/1/1(17) --------- (A-10604)(1-5)

**મરણ ખબર જાહેરાત સુધારો**

સોમવાર, તા. ૩૧-૮-૨૦૨૬ની ખબર પત્રીકામાં આવેલ અ.સૌ. રાજુલ સંજય દેઢીયા (નાના રતડીયા) (ઉ. ૫૧) મરણ ખબર જાહેરાતમાં શરત ચુકથી આ નામ રહી ગયેલ છે. તે નીચે પ્રમાણે છે. (૧) દેવપુરનાં માતુશ્રી જેતબાઈ ગાંગજી ઉમરશીના પૌત્રી. (૨) માતુશ્રી ચંદનબેન નરશીના સુપુત્રી (૩) દેવપુરનાં માતુશ્રી કુંવરબાઈ લીલાધર મેઘજીના દોહીત્રી. લિ. પરીવારજનો.

4/1/1(23) --------- (A-10613)(1-5)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૨ સપ્ટેમ્બર સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. પિતાશ્રી કુંવરજી (કાકુભાઈ) મુરજી નાગડાનાં સ્મરણાર્થે સુપુત્રીઓ તરફથી.

- સ્વ. શ્રીમતી પ્રભાવતી દામજી ગાલાની પુણ્યતિથિ નિમિત્તે શ્રી દામજી શામજી ગાલા (બિદડા) તરફથી.
- ચિ. શુભ બિપીન મેઘજી છેડાનાં જન્મદિવસ નિમિત્તે શ્રીમતી ચેતના બિપીન મેઘજી છેડા (પત્રી) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ

2/1/1(2) --------- (A-10534)(2-1)

### દાદા શિતલનાથ મૂ.અ. જૈન સંઘ-મીરા રોડ પર્યુષણ મહાપર્વનો કાર્યક્રમ

જય જિનેન્દ્ર, સૂરિભગવંતોની દિવ્યકૃપા-આશીષ અને સૂરિગુણસિંધુપટ્ટધર, સાહિત્ય સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા-આશીષથી તા. ૮/૯ થી ૧૫/૯ પર્યુષણ મહાપર્વ ઉજવાશે. સવારના ૭ થી ૮ સ્નાત્રપૂજન, ૯.૩૦ ક. આરતી-મંગળદિવો, ૯.૪૫ ક. ભક્તામર પાઠ - સામાયિક, સાંજે ૬.૪૫ ક. પ્રતિક્રમણ, ૮.૧૫ આરતી-મંગલદિવો-ભક્તિ-ભાવના. ભાદરવા સુદ-બીજ, તા. ૧૨/૯, શનિવારે બપોરના ૧ થી ૫ સ્વપ્ન મહોત્સવ ઉજવાશે. ૧૪ સ્વપ્નનો નકરો રાખેલ છે જેના ડ્રો કાઢવામાં આવશે. સ્વપ્ન બાદ ચોવિયાર રાખેલ છે. જેના પાસ તા. ૯/૯ તથા ૧૦ /૯ ના ટેબલ પરથી મેળવી લેવા. (સ્વપન મહોત્સવના દિવસે બુંદીના લાડુની પ્રભાવના અ.સૌ. મધુબેન હેમંત મોરારજી ગડા પરિવાર (લાયજા) - હસ્તે ચિ. માહિ - ચિ. પિહુ, દોહીત્રી ચિ. માહિના જન્મદિવસના ઉપલક્ષમાં). પાંચમના દિવસે સવંત્સરિક પ્રતિક્રમણ ૪ વાગે MTNL હોલ (બીજા માળે) રહેશે. (પ્રતિક્રમણ બાદ શ્રીફળની પ્રભાવના સંઘમાતા માતુશ્રી નવલબેન ખીમજી હંસરાજ હરીયા પરિવાર - હાલાપરવાળા તરફથી) ભાદરવા સુદ-૬ ના વહેલી સવારના ૬ કલાકે શ્રી દાદા શીતલનાથ જિનાલયનું દ્વાર ઉદઘાટન સંઘમાતા માતુશ્રી નવલબેન ખીમજી હંસરાજ હરીયા પરિવારના શુભ હસ્તે કરવામાં આવશે. સળંગ ૩૩ વર્ષથી જિનાલયના નિભાવ ખર્ચના દાતા : સ્વ. સલોની, ચિ. તન્વી નયના અશોક દેવજી સાવલા પરિવાર (સાભરાઈ)ની ખૂબ ખૂબ અનુમોદના. પર્યુષણ મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઈ એટલે કે ૮ ઉપવાસ કે તેથી વધારે તપ કરનાર તપસ્વીઓના નામો બુધવાર, તા. ૧૨/૯ સુધી કાર્યકરો પાસે લખાવી દેવા. સાધારણ ફંડમાં વધારેમાં વધારે ફાળો નોંધાવી લાભ લેવા નમ્ર વિનંતી. લિ. ટ્રસ્ટીઓ : શ્રી અશોકભાઈ સાવલા : ૯૩૨૪૫૮૭૫૭૫, રસીક દામજી સાવલા : ૯૩૨૧૩૪૬૨૫૭, મુલચંદ મણીલાલ ગોસર : ૯૯૨૦૬૩૪૦૪૬.

4/1/1(24) --------- (A-10635)(2-2)

## KVOSJM શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

STHANAKWASI JAIN MAHAJAN

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨. સમય : ૧૧ થી ૫

## વિશેષ સઘન પુનરીક્ષણ કાર્યક્રમ (SIR)

### અંતર્ગત મહત્વપૂર્ણ સૂચના

વિશેષ સઘન પુનરીક્ષણ કાર્યક્રમ (SIR) અંતર્ગત લાંબા સમયથી રાહ જોવાતી પ્રથમ પ્રારૂપ મતદારયાદી સોમવાર ૩૧ ઓગસ્ટે પ્રસિદ્ધ થઈ ગઈ છે.

જો તમારૂ નામ મતદારયાદીમાં જોવા મળતું ન હોય અથવા તમારા નામ કે સરનામામાં કોઈ ભૂલ જણાય, તો ગભરાશો નહીં. ચૂંટણી પંચે સુધારા તથા નવા નામની નોંધણી માટે તક આપી છે.

### મતદારયાદીમાં તમારૂ નામ કેવી રીતે તપાસશો?

01 મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીનું કાર્યાલય: ceo.maharashtra.gov.in

02 ભારતનું ચૂંટણી પંચ : voters.eci.gov.in

03 તમારા વિસ્તારના ઇલ્ઘ (મતદાન મથક સ્તરીય અધિકારી) પાસેથી પણ મતદારયાદી તપાસી શકાય છે.

**મતદારયાદી તપાસતી વખતે માત્ર નામ જ ન જુઓ. નીચેની તમામ વિગતો ધ્યાનપૂર્વક તપાસો:**

- નામનું સાચું સ્પેલિંગ
- ઉંમર
- જન્મતારીખ
- સંપૂર્ણ સરનામું
- EPIC નંબર
- પરિવારના દરેક સભ્યનું નામ

### ૨૦૨૫માં નામ હતું, પરંતુ ૨૦૨૬માં નામ ગાયબ છે?

આવી પરિસ્થિતિમાં ASDD યાદી પણ તપાસો. તેમાં તમારું નામ ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલ અથવા એકથી વધુ વખત નોંધાયેલ (ડુપ્લિકેટ) તરીકે દર્શાવવામાં આવ્યું છે કે નહીં, તે તપાસો.

### જો મતદારયાદીમાં નામ ન હોય તો શું કરવું?

- ૩૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી દાવા અને વાંધા રજૂ કરી શકાય છે.
- નવું નામ નોંધાવવા માટે : Form 6 ભરવો.
- નામ, સરનામું અથવા અન્ય વિગતોમાં સુધારો કરવા માટે: Form 8 ભરવો.

**આગામી મહત્વની તારીખ : પ્રાપ્ત થયેલા દાવા અને વાંધાઓ અંગે સુનાવણી કરીને ૨૯ ઓક્ટોબર સુધીમાં તેનો નિકાલ કરવામાં આવશે. ત્યારબાદ ૪ નવેમ્બરના રોજ અંતિમ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.**

### મતદારો માટે ખાસ સલાહ

આજે જ તમારું અને તમારા પરિવારના દરેક સભ્યનું નામ મતદારયાદીમાં તપાસો. જો નામ ગાયબ હોય અથવા કોઈપણ વિગતોમાં ભૂલ જણાય, તો આપેલી સમયમર્યાદામાં Form 6 અથવા Form 8 દ્વારા યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કરો.




**તમારો મત — તમારો અધિકાર.**
લોકશાહીને મજબૂત બનાવવા દરેક મત મહત્વપૂર્ણ છે.

આ મહત્વપૂર્ણ સંદેશ તમારા પરિવારજનો, મિત્રો અને સમાજના અન્ય સભ્યો સુધી પણ જરૂર પહોંચાડો.

**લિ. સરકારી યોજના સમિતિ**

### શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન - મુંબઈ
### શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ

મુંબઈ લોકલ ચૈત્ય પરીપાટી.

- પર્યુષણ પર્વનાં કર્તવ્ય મુજબ ચૈત્યો ભગવાનને જુહારવા અને પુજ્ય ગુરૂ ભગવંતોને ખમાવવા, દર્શન, વંદન રૂપે શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વે.મુ.પુ. સંઘની ચૈત્ય પરીપાટી શનિવાર, તા. ૧૯-૦૯-૨૦૨૬નાં સવારનાં ૭.૦૦ વાગે જવા માટે રૂા. ૧૦૦/- રીફંડેબલ ભરી શ્રી સંઘની ઓફિસમાં નામો તા. ૧-૯ થી તા. ૫-૯ સુધી સવારનાં ૧૦.૦૦ થી ૧૨.૦૦ સમય દરમ્યાન લખાવવા વિનંતી.
- સ્થળ : (૧) ભાંડુપ (વેસ્ટ) (૨) મુલુંડ (ઈસ્ટ) (૩) માટુંગા (સે.રે.)-ઈસ્ટ (૪) પરેલ (૫) લાલબાગ (૬) મઝગાંવ. સમય અનુકુળતા મુજબ રહેશે. બસ સવારનાં ૭.૦૦ વાગે જીરાવલ્લા જિનાલયથી ઉપડશે. સમયસર આવી જવા વિનંતી. જય જીરાવલ્લા. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(2) --------- (❖)(1-5)

## શૈક્ષણિક

**ગામ : નાંગલપુરનાં અ.સૌ. જ્યોતિબેન સાવલાને ભાવભીની શ્રધ્ધાંજલી સોનગઢ રત્નાશ્રમ**

સોનગઢ રત્નાશ્રમ એટલે ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવાની કળા પીરસતી માતા એક માત્ર એવી સંસ્થા કે જ્યાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ ગુણ કરતાં જીવનમાં કેળવેલ ગુણને વધુ મહત્વ અપાય છે. શ્રેષ્ઠ શિક્ષણની સાથે સાથે ઉચ્ચ કોટીનાં મુલ્યો તથા સિધ્ધાંતોને વિદ્યાર્થીમાં રોપવામાં આવે છે. ગામ : નાંગલપુર-કાંદીવલી (વે)નાં અ.સૌ. જ્યોતિબેન ચુનીલાલ ભાણજી સાવલાની તા. ૩૦-૮-૨૦૨૬નાં રોજ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી ચુનીલાલ ભાણજી સાવલાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી અને આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી હજી આપનાં હાથે વધારેને વધારે સતકાર્યો થતા રહે એવી રત્નાશ્રમ પરીવારની અભિલાષા. રત્નાશ્રમ પરીવાર આપનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે. લિ. સુમીત શાંતીલાલ નિસર-કારોબારી સભ્ય-વડાલા-૯૮૬૯૪૦૭૫૯૩.

4/1/1(18) --------- (A-10607)(2-3)

## શ્રદ્ધાંજલી

**કપાયાનાં અનશનવ્રતધારી સુશ્રાવક શ્રી માવજીભાઈ મોરારજી દેઢીયાને શ્રધ્ધાંજલી**

સદ્ગત માવજીભાઈ કાયા પરથી મમત્વ ભાવ ત્યજી સંસાર સાગર તરવા અંતિમ આરાધના રૂપી અનશન વ્રતની આરાધના કરીને આત્મ કલ્યાણ કરી ગયા. આપનો આત્મા જલદીથી જલદી મોક્ષ ગતિને પામો એ જ મંગલ પ્રાર્થના. કુટુંબીઓ પર આવી પડેલ દુઃખમાં અમે સપરીવાર સહભાગી છીએ. લિ. જયવંતીબેન વિરચંદ કુંવરજી કોરાણી સમસ્ત પરીવાર (કપાયા-દાદર)

4/1/1(22) --------- (B-10620)(2-4)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

**'સુખ સમૃધ્ધિની વૃધ્ધિમાં સોનાની ખરીદી લાભદાયી બને છે'**

કચ્છી પરિવારોના લોકપ્રિય શો રૂમ અનમોલ જ્વેલર્સમાં આપનું સહર્ષ સ્વાગત કરે છે. ૯૧૬૦ (૨૨ કેરેટ) હોલમાર્ક ક્વોલિટી. વ્યાજબી ઘડામણી. અલભ્ય ફેશનમાં દાગીનાનું કલેક્શન. ઓછા વજનમાં મોતીમાં, ફેન્સી વીંટી, પેનડલ સેટ, ટોપમાં વેરાયટી. એન્ટીક કુંદન, રોડીયમના સેટસ. ઇટાલિયન પેનડલ સેટ + સેટસ. રીયલ ડાયમંડમાં ૧૮ કેરેટ હોલમાર્ક વાળા તથા I.G.I. સર્ટીફાઈટ અને બાયબેક ગેરંટી સાથેની જ્વેલરીઓ. હેવી & લાઈટ વેઈટમાં ભરપુર રેડી સ્ટોક. આત્મીયતા સભર-પ્રમાણિક વહેવાર સાથે પસંદગીમાં મીઠી મુંઝવણ અનુભવો એટલા દાગીના જોવા / ખરીદવા પધારો. અનમોલ જ્વેલર્સ પરેલ ટી. ટી. કચ્છ ફરાદીવાલા શાંતીભાઈ દેઢીયા ફોન નં. 9664016668.

2/1/1(5) -------- (B-10401)(3-1)

**મધ્યમ વર્ગની મહિલાઓ માટે સુવર્ણ તક ૦ ઈન્વેસ્ટમેંટ સાથે શરૂઆત કરો**

મુંબઈની જાણીતી બ્રાન્ડ મધુબાલા ગૃહ ઉદ્યોગ સાથે જોડાઈને મળેલી તકને ઝડપીને પ્રગતિના દ્વાર ખોલી શકો છો.

● મહિલા વિભાગ : હેતલ ગાલા : 9920016295 મધુબાલા ગૃહ ઉદ્યોગ, દેવી દયાલ રોડ, મુલુંડ (W)

2/1/1(4) -------- (B-10431)(3-2)

**કેશીયર**

થાણા સ્થિત એથનીક વેરનાં શો રૂમ માટે કોમ્પ્યુટર જાણકાર કેશીયર ફુલ ટાઈમ માટે જોઈએ છે. સંપર્ક : હીતેશ ગાલા-9930661181.

4/1/1(3) -------- (B-10525)(3-3)

**દેશ વિદેશ કુરિયર 24*7**

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની ચીજવસ્તુઓ UK, USA, UAE, Hongkong, Australia મોકલવા અનુજ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. 8879991866. Free Pickup Service. Vacuum Packing Available. PAC N DELIVER.

2/1/1(1) -------- (B-10544)(3-4)

**'કચ્છી સમાજના જાણીતા ગોર મારાજ' ! મધુકાંત પંડ્યા : ફરાદીવાલા !**

ચાંદલા વિધિ-લગ્ન-માતાજીની પહેડી સહિત સામાજિક/ધાર્મિક પ્રસંગોએ શાસ્ત્રોક્ત પધ્ધતિથી-શુધ્ધોચાર સાથે વિધિ વિધાન કરાવનારા : મધુકાંત પંડ્યા (ફરાદીવાલા/મુલુંડ) મો. 9821024181. ફોન : 25603283.

4/1/1(11) -------- (N-10592)(3-5)

**હરસુખલાલ કે. સોની (ગુંદાલાવાલા)**

તમારા જ સોનામાંથી : (91.6) 22 ct (75) 18 ct (ડાયમંડ) હોલમાર્કનાં દાગીના વ્યાજબી મજુરીથી બનાવી આપશું. ચાંદીની દરેક વસ્તુ T.100 માં જ મળશે. કીર્તી જ્વેલર્સ, શોપ નં. ૧૨૭, વસંત પ્લાઝા શોપીંગ સેન્ટર, કસ્તુરબા ટોકીઝ, મલાડ (વેસ્ટ). મો.નં. 9820990809.

4/1/1(20) -------- (N-10605)(3-6)

**કચ્છની દેશી ગાયનું શુધ્ધ ઘી**

(૧) હાથ વલોણાનું ઘી ફક્ત ૬૭૦ રૂા. માં (૨) કચી ઘાણીનાં તેલ (૩) ધર્મ સ્થાન અને સંસ્થાઓ માટે ૧૫ કિલો ઘીનો ડબ્બો વ્યાજબી ભાવે મળશે. (૪) હાથ વણેલા ખાખરા (૫) મેજીક મોરીંગા ગોળી. ફ્રી હોમ ડીલીવરી ઈન મુંબઈ. કો. કાશ્મીરા છેડા-9773984876.

4/1/1(19) -------- (B-10589)(3-7)

**પાયલ ગૃહ ઉદ્યોગ ડોંબીવલીનાં ખાખરા એટલે શુધ્ધ, સાત્વિક, સ્વાદિષ્ટ ખાખરા**

પાયલ ગૃહ ઉદ્યોગ માં ૧૦૦% જૈન પધ્ધતિથી જયણાપૂર્વક જાત દેખરેખ હેઠળ પથ્થર ની ચક્કીમાં પીસેલ અનાજ એટલે અનાજનું સત્વ જળવાઈ રહે એવો લોટમાંથી તથા લાકડાની કથરોટ માં લોટની બાંધણી તેમજ રોજે રોજ તાજા બનતા મેંદો અને બેકિંગ સોડા વગરના ૧૦૦% હેન્ડમેડ રોસ્ટેડ ખાખરા જે સંત-સતીજીઓને પણ વહોરાવી શકીયે. ઘઉંના કોરા, ઘઉં-બાજર, જુવાર, નાચણી, મેથી મસાલા, મગ મસાલા, માંગરોળી, મઠ, તાવડી મઠ, ચોરાફરી, ઘી-સાદા, ઘી-જીરા જેવી અઢળક વેરાયટી તેમજ સ્પે. ઓર્ડર ઉપર તેલની જગ્યા એ ઘી માં ખાખરા શેકી ને મળશે. મુંબઈ મધ્યે ઘર પહોંચ ડિલિવરી તથા હોલસેલ અને ફેરી કરતા ભાઈ-બહેનો માટે સુવર્ણ તક. સંપર્ક કરો. ધર્મેશ દેઢિયા 9867368724, પાયલ દેઢીયા-9022498351.

4/1/1(15) -------- (B-10597)(3-8)

**એકાઉન્ટન્ટ જોઈએ છે**

શિતલ ડેરી માટુંગા માટે Tally એકાઉન્ટન્ટની જરૂર છે. (પાર્ટ ટાઈમ) નજીકનાં એરીયાને પહેલી પસંદગી રહેશે. મેલ/ફીમેલ બન્નેએ સંપર્ક કરવો. ગુજરાતીમાં બાયોડેટા લાવવો. મળવાનો સમય : સવારે ૧૦ થી ૧ (ફોન પણ આ સમયે કરવો) શિતલ ડેરી : શોપ નં. ૩, નટરાજ બીલ્ડીંગ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.) સંપર્ક : દિપકભાઈ મહેતા-9819460824.

4/1/1(14) -------- (N-10598)(3-9)

**Agreement Drafting & Registration**

WILL (વસિયતનામું) RELEASE DEED (હક્ક છોડ દસ્તાવેજ), GIFT DEED (ભેટ દસ્તાવેજ), SALE DEED (જમીનનો વેચાણ દસ્તાવેજ) તમામ પ્રકારનાં દસ્તાવેજોનાં ડ્રાફ્ટીંગ (લખાણ) અને તેની નોંધણી (રજીસ્ટ્રેશન) કરી આપવામાં આવશે. Contact : DIVI Associates - 9323314325.

4/1/1(7) -------- (B-10588)(3-10)

**થાણાવાસીઓ, શું તમે તમારા જીવનમાં હકારાત્મક બદલાવ માટે તૈયાર છો ?**

તમારી તંદુરસ્તી અને શાંતિની સફર આજે જ શરૂ કરો ! શું તમે રોજિંદા જીવનમાં આ સમસ્યાઓથી પરેશાન છો ? શરીરમાં સતત જકડાણ અને દુખાવો ? રાત્રે શાંતિથી ઊંઘ નથી આવતી ? વજન અને મેદસ્વિતા વધવાની ચિંતા ? પાચન અને ગેસની તકલીફ ? દરેક શારીરિક અને માનસિક Problem નું એક જ સાચું Solution Yoga ! તમારા સ્વાસ્થ્યને આપો એક નવી દિશા! યોગ માત્ર વ્યાયામ નથી, પણ તંદુરસ્ત જીવન જીવવાની કળા છે. ખાસ ઓફર : અનુભવ કરો યોગની શક્તિનો ! 2 FREE Demo Sessions મેળવો અને તફાવત પોતે જ અનુભવો! Yoga with Bhavika - Mo. 9821424048

4/1/1(8) -------- (B-10590)(3-11)

**''સોની કાનજી આણંદજી જ્વેલર્સ'' ! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેક્શન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(12) -------- (N-10591)(3-12)

**શ્રી દહિસર કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ**

**જીવનયાત્રા**

આરોગ્ય સંપદા - કવિઓ જ્ઞાતી ઓગસ્ટ - ૨૦૨૬ ની વિગત

| ક્રમાંક | મરણ ની વિગત/ Reason of Death | પુરૂષ | સ્ત્રી | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | હાર્ટ ફેલ | ૧૨ | ૧૨ | ૨૪ |
| ૨ | સંથારો/અનસન્ વ્રત | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૩ | કેન્સર | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૪ | બ્રેન હેમરેજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | અકસ્માત | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૬ | અન્ય (માંદગી/ટુંકી માંદગી/અવસાન વી.) | ૫૨ | ૫૮ | ૧૧૦ |
| | ટોટલ | ૬૮ | ૭૫ | ૧૪૩ |

**અન્ય માહિતી - ઑગસ્ટ - ૨૦૨૬**

| ક્રમાંક | વિગત | ટોટલ | ટકાવારી | |
|---|---|---|---|---|
| ૧ | પ્રાર્થના સભા નથી રાખેલ | ૮૫ | ૫૯.૪૪% | |
| ૨ | પ્રાર્થના સભા રાખેલ - ક. લ. નિસર હૉલ | ૨૫ | ૧૭.૪૮% | |
| ૩ | પ્રાર્થના સભા રાખેલ - યોગી સભાગૃહ | ૦૭ | ૦૪.૯૦% | |
| ૪ | પ્રાર્થના સભા રાખેલ - અન્ય સ્થળ | ૨૬ | ૧૮.૧૮% | |
| | ટોટલ | ૧૪૩ | ૧૦૦.૦૦% | |
| ૧ | દેહદાન | ૦૭ | | |
| ૨ | ફક્ત ચક્ષુદાન | ૦૭ | | |
| ૩ | ફક્ત ત્વચાદાન | ૦૧ | | |
| ૪ | ચક્ષુદાન અને ત્વચાદાન | ૦૪ | | |
| | ટોટલ | ૧૯ | | |

માહિતી સ્ત્રોત :- ક.વિ.ઓ. જૈન ખબર પત્રિકા. (CLB-10536)

માહિતી સંકલનકાર :- મણિલાલ પ્રેમજી દેઢિયા, દહિસર - મેરાઉ.

સંપર્ક : ૯૮૬૯૧૧૩૮૭૫ (આ માહિતી ક.વિ.ઓ. જ્ઞાતિ માટે છે.)



**સૌજન્ય: કોમલ ટ્રેડીંગ કોર્પોરેશન, દહિસર-મેરાઉ.**

**જુનું-પુરાણું ઘર વખરી સામાન તથા એન્ટીક આઈટમ**

જુના જમાનાના બંધ થઈ ગયેલા તમામ ધાતુના ચલણી સિક્કા, નોટ-બંડલ, હસ્તપ્રત, ૭૦-૮૦ વર્ષ પહેલાંનાં ચાવીવાળા ઘડીયાળ, પેન, જુના કડલા, ચાંદી-જર્મન સિલ્વર તથા કાંસાના વાસણો, સ્ટીલનાં નવા વાસણો, અન્ય કોઈ એન્ટીક આઈટમ મુંબઈ તથા કચ્છ બંને જગ્યાએથી લેવામાં આવશે. બોરીવલી આસપાસ ગોદરેજ કબાટ લેવામાં આવશે. બીજુ આપ વાર - તહેવારે કચ્છ પધારો ત્યારે આપના ઘરમાં રહેલો જુનો સામાન જેમ કે તમામ ધાતુના વાસણો, લોખંડ કે લાકડાંનું ફર્નિચર વગેરે વ્યાજબી ભાવે તમારા ઘરઆંગણે જ વેંચવા કોન્ટેકટ કરશો તથા તમારા ગ્રુપમાં પણ જાણ કરશો. મુંબઈ વેપારના બદલે કોઈ પણ વસ્તુના ફક્ત ભાવ કઢાવવા હોય તો એરિયા તથા આઈટમ પ્રમાણે વિઝિટ + કન્સલ્ટિંગ ફી લેવામાં આવશે. (ખાસ નોંધ : નફામાંથી ૨% ભાગ જીવદયા માટે કાઢવામાં આવે છે તો આપ પરોક્ષ રીતે સહભાગી થશોજી). હેમલબેન : મો. ૯૭૨૬૯૧૭૭૩૬.

4/1/1(10) -------- (B-10593)(3-13)

**પાલીતાણા ચૈત્ય પરીપાટી**

વડોદરા, ઓમકાર, માતંડ, કલીકુંડ, તગડી, અયોધ્યાપુરમ, મહેન્દ્રપુરમ, જંબુદ્વીપ, પાલીતાણ, રોહીશાળા, ડોલેરા, વટામણ, ઈન્દ્રજ, મણીલક્ષ્મી તા. ૨૬-૧૦ થી ૩૦-૧૦-૨૬. ૪૦૦૦ રૂા. છેલ્લી તારીખ ૬-૯-૨૬ સુધી નામો આવશે એ બધાને લઈ જવામાં આવશે. ૯૦૨૯૨૭૩૯૭૦, વાસંતી શા-૯૯૨૦૩૫૨૩૭૯. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરશી ગડા.

4/1/1(13) -------- (B-10599)(3-14)

# જીવદયા અનુદાન

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન.

● ૧૭૦૦/- શ્રી જ્યોતિ ઈલેક્ટ્રીક એન્ડ હાર્ડવેર હ. રાજકુમાર બાફના : રબાલે-રાજસ્થાન.
● ૧૭૦૦/- વિજયભાઈ જીવરાજ વોરા-મલાડ
● ૧૫૦૦/- નીતીન વસનજી છેડા : મીરારોડ-વાંકી
● ૧૪૫૦/- મહાલક્ષ્મી ગૃહ વસ્તુ ભંડાર : બોરીવલી-શેવાડી-રાજસ્થાન.
● ૧૧૧૧/- નીર્વી અને નીર્માનાં જન્મ દિવસ નિમિત્તે : ઘાટકોપર-કોટડા રોહા
● ૧૧૧૧/- અ.સૌ. રક્ષા કપીલ પદમશી ગડા : જૈન ફુડસ : મલાડ-ગુંદાલા
● ૧૧૧૧/- કીરીટભાઈ શાહ : બોરીવલી-રામાણીયા
● ૧૧૧૧/- મેહુલ શાંતીલાલ ગડા : દહીંસર-લાયજા.
● ૧૧૦૦/- બીના બીપીન રાંભીયાનાં જન્મ દિવસ નિમિત્તે : ડોંબીવલી-ગુંદાલા
● ૧૧૦૦/- હાર્દિક શાંતીલાલ ગાલાનાં જન્મ દિવસ નિમિત્તે : દાદર-તલવાણા.
● ૧૧૦૦/- રામજી રવજી ભેદાની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે : વિક્રોલી-મોખા
● ૧૧૦૦/- અલ્પા બીરેન કેનીયાનાં જન્મ દિવસ નિમિત્તે : ભુલેશ્વર-બારોઈ.
● ૧૧૦૦/- નીધીબેન મનીષ દેઢીયાનાં જન્મ દિવસ નિમિત્તે : ડોંબીવલી-કોટડી મહાદેવપુરી.
● ૧૧૦૦/- પુનશી વાલજી ગઢવી : મલાડ-મોટા ભાડીયા. લિ. સી.એ. નિલમ નીતીન શાહ (મોટી ખાખર) ૯૩૨૦૧૭૦૧૩૧, સી.એ. જીનલ કેનીલ સાવલા (બેરાજા) ૯૮૧૯૪૩૧૧૭૧.

4/1/1(9) -------- (A-10594)(3-15)



મધ્યાને સૂરજ અસ્ત થઈ ગયો...

## સમસ્ત ઉમરગામ કચ્છી જૈન સમાજ વતીથી, હર્ષલભાઈ ગાલા ને શબ્દાંજલિ...

# શ્રી હર્ષલ શૈલેષ ગાલા

રાયણ • અરિહંતશરણ : તા. ૨૬.૮.૨૦૨૬ • ઉમરગામ

**સમસ્ત ઉમરગામ કચ્છી જૈન સમાજ** આજે **હર્ષલભાઈ ગાલા**ની વિદાયથી હતપ્રભ છે. ઉમરગામ કચ્છી જૈન સમાજે એક વિરલ, પ્રતિભાશાળી વ્યકિત ખોયો છે. **હર્ષલભાઈ ગાલા**ની ખોટ ઉમરગામ કચ્છી જૈન સમાજને હંમેશા સાલસે. છેલ્લા લગભગ પર વર્ષથી ગાલા પરિવાર ઉમરગામના લોકો સાથે સ્નેહનાં તાંતણે બંધાયેલો છે. ધર્માનુરાગી પરિવારનાં જૈન ધર્મનાં સંસ્કારો સાથે જીવન જીવતા હર્ષલભાઈ એ સાદગી, મિલનસાર સ્વભાવ, હસતું મુખ, જાતે કરવું, જતું કરવું, જીવદયાનું પાલન એવા અનેક વ્યવહારું, માણસાઈના ગુણોને આત્મસાત કર્યા હતા. ખરેખર ! વિધિની વક્રતા કે, આ ફાની દુનિયા ખૂબ જ નાની ઉંમરમાં છોડી ગયા. શું ખબર ? કે પ્રભુને પણ આવા સરલ, નિર્દોષ ને મીઠા માણસની જરૂર પડી હોય. હર્ષલભાઈનો મૈત્રીભાવ અજોડ હતો. ગાલા પરિવારના બાગનો એક સુગંધી પુષ્પ જાણે સદાયના માટે કરમાઈ ગયો. ઉમરગામના આભા મંડળમાંથી જાણે અચાનક એક ચમકતો તારલો ખરી પડયો. ગાલા પરિવાર પર અચાનક આવી પડેલ દુઃખને પ્રભુ સહન કરવાની શક્તિ આપે, તેમજ હર્ષલભાઈનો પવિત્ર આત્મા જયાં પણ હોય ત્યાંથી વહેલામાં વહેલી તકે મોક્ષની પ્રાપ્તિ કરે એવી સર્વે ઉમરગામવાસી પરિવારજનોની અંતરભીની પ્રાર્થના...

લિ.

## શ્રી ઉમરગામ કચ્છી જૈન સમાજ • ઉમરગામ યંગસ્ટર ગ્રુપ

ઉમરગામ – ગુજરાત

(CLB-10627)

છગન ડેડા : 9322263819

### વિલે પારલા (ઈસ્ટ) વેચાણથી

3 BHK ૮૪૦ કારપેટ, બ્રાન્ડ ન્યુ બીલ્ડીંગ, હાયર ફ્લોર, ઈસ્ટ વેસ્ટ એન્ટ્રી, પ્રાર્થના સમાજ રોડ, વીથ OC વીથ પાર્કીંગ, રેડી ટુ મુવ, દહેરાસરની બાજુમાં. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992, જતીન વીરા (દેશલપુર) 9119512675.

4/1/1(26) --------- (B-10632)(1-5)

### વાડી ખાલી છે

**શ્રી માટુંગા કચ્છી મૂ.શ્વે.જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી તા. ૧૧-૧૨-૨૦૨૬, શુક્રવારનાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળો, આખા દિવસ માટે ખાલી છે. જેમને જોઈતી હોય તેઓ ઓફિસમાં સંપર્ક કરશો. 9820610875, 8692809647.**

4/1/1(1) --------- (B-10634)(1-5)

### વિલે પારલા (ઈસ્ટ) વેચાણથી

3 BHK ૯૧૦ કારપેટ, વીથ OC, વીથ પાર્કીંગ, ઈસ્ટ વેસ્ટ એન્ટ્રી, મહાવીર સ્વામી દહેરાસરની બાજુમાં, માલવીયા રોડ, બ્રાન્ડ ન્યુ બીલ્ડીંગ, રેડી ટુ મુવ. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992, જતીન વીરા (દેશલપુર) 9119512675.

4/1/1(25) --------- (B-10633)(3-11)

### ફાગુન પરફ્યુમર્સ ધુપસ્ટીક્સ અને અગરબત્તી

આપનાં દરેક શુભ પ્રસંગે પ્રભાવના માટે અતિ સુગંધીત ધુપસ્ટીક રૂા. ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૮૦, ૧૦૦ પાઉચ પેક, બોક્સ પેક, જારપેકમાં ઉપલબ્ધ. ભારત ભરમાં ફ્રી ડોર ડીલીવરી. કેતન દેઢીયા (કોટડા) મુંબઈ-૯૮૨૫૪૯૭૪૩૭.

4/1/1(27) --------- (B-10637)(2-6)

### ગરમ નાસ્તો : મિલન ફરસાણ હિંદમાતામાં

(૧) દરરોજ દેશી ઘીમાં જલેબી, ડબલ મરીયુક્ત ફાફડા (મરચાં, પપૈયા) કચોરી, ખમણ પાત્રા ખાંડવી, જૈન અમીરી ખમણ, પતલા સફેદ ઢોકળા, ખાસ્તા કચોરી તૈયાર મળશે. (૨) ઈડલી ચટણી, જૈન સમોસા, જૈન અમીરી ખમણ, કેલાવડા, મીઠી બુંદી ગુલાબજાંબુ, દુધી હલવો, બુંદી લાડુ સીંગલ પેકીંગ કરીને મળશે (૩) ઓર્ડર પ્રમાણે પાંઉભાજી, જૈન બીરીયાની, જૈન તવા પુલાવ, જૈન મીસળ, કેલાવડા, જૈન રગડા સમોસા, દહીંવડા ગરમા ગરમ બનાવીને મળશે. મિલન સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ. હીંદમાતા : 9920103634, 8928890134.

4/1/1(16) --------- (B-10595)(1-5)

### એક અઠવાડીયું અપનાવો અનેક મુંગા જીવોને જીવન આપો

સર્વ જીવદયા પ્રેમી,ઉદાર દિલ દાતાઓ, ભૂમિ જીવદયા સંવર્ધન ટ્રસ્ટ, તુર્ભેનાં સાદર જય જિનેન્દ્ર. ઘાયલ અબોલ પ્રાણીઓ ની સેવા બાર વર્ષ થી અવિરત પણે કરવામાં આપ સર્વ નો ફાળો અનુમોદનીય  છે.ઘાયલ અને બીમાર કૂતરાઓ,પક્ષીઓ ની વધતી સંખ્યાને લક્ષમાં રાખી સંસ્થા દ્વારા રજૂ કરાયેલ યોજના માં સુકૃત નો લાભ લઈ અમોને ઉપકૃત કરશો. એક અઠવાડિયાની જીવદયા સેવા યોજના :

- એક કૂતરાના ખર્ચ નો લાભ રૂપિયા ૧૧૦૦/-
- એક બકરીના ખર્ચ નો લાભ રૂપિયા ૭૫૦/-
- વિવિધ પક્ષીઓના ખર્ચ નો લાભ રૂપિયા ૧૦૦૦/- સાગર સાવલા-9022390970, રાહુલ કેશવાની-9833422073.

4/1/1(21) --------- (A-10608)(2-5)


## પ્રીતી પ્રોડક્ટ્સ

Preeti®

એજ નામ – એજ વિશ્વાસ – એજ શ્રેષ્ઠતા

તમને શ્રેષ્ઠ સેવા આપવાનો અમારો સંકલ્પ હંમેશાની જેમ જ છે -ઓર્ડર બુકિંગ માટે અમારા 3 નવા નંબર સેવ કરી લેજો!

1. 9167 25 4000  2. 9167 35 4000  3. 9167 45 4000

લાઈનો વ્યસ્ત હોય તો ગમે ત્યારે વોટ્સએપ પર ઓર્ડર બુક કરાવો : 93211 35328

(CLC-10631)

વેબસાઈટ: WWW.PREETIPRODUCTS.COM



કૃપા કરીને પ્રીતી પ્રોડક્ટ્સ અંગે બુકિંગ તથા તમામ પૂછપરછ માટે અમારા નવા નંબર સેવ કરી લેશો.
તમારા સતત પ્રેમ, વિશ્વાસ અને સહકાર બદલ હૃદયપૂર્વક આભાર.



DISHWASH LIQUID | LIQUID DETERGENTS | FLOOR CLEANER | TOILET CLEANER | WASHING POWDER | HANDWASH | SOAPS

કચ્છ લાખાપુર

## વ્હાલા મામા

મુંબઈ ઘાટકોપર



# શ્રી પંકજ ડુંગરશી ધરોડ

મામા એટલે એક એવી સુંદર લાગણી, જેને શબ્દોમાં
વ્યક્ત કરવી મુશ્કેલ છે. તમારું વ્હાલ, તમારી સાદગી
અને તમારી હાજરી હંમેશા યાદ રહેશે.
કેટલાક લોકો આપણી જીંદગીમાંથી દૂર થઈ જાય છે.
પણ દિલમાંથી ક્યારેય દૂર થતા નથી.
પ્રભુ અમારા મામાને જલ્દી મોક્ષગામી થાય
એવી અમારા બધાની દિલથી પ્રાર્થના સ્વીકારજો.

કવિતા, મેઘના, વિનીત
નીતા, કેતન, મેહુલ
પુનીત, કેકીન, પુજા
ભાવિક, રિધ્ધી, યજ્ઞેશ

(CLB-10622)

NEEL PARI - 9322299742

## શ્રી લાખાપુર આ. કો. ના. પ. સ્થા. જૈન સંઘના સુશ્રાવકના અનશન તપની અનુમોદના સહ વંદના



### સુશ્રાવકશ્રી પંકજભાઈ ડુંગરશી નાનજી ધરોડ

૮મા ઉપવાસે મોક્ષમાર્ગે પ્રયાણ : ૩૧-૮-૨૦૨૬
લાખાપર ❋ ઘાટકોપર

શ્રી પંકજભાઈએ શ્રાવકના ત્રીજા મનોરથરૂપે
આહાર સંજ્ઞાને છોડી અણાહારક પદને પ્રાપ્ત કરવા
સંથારાની આરાધના સમાધિભાવે પુર્ણ કરી ગયા...
એમનો આત્મા બાકી રહેલ કર્મ ખપાવી
વહેલામાં વહેલો પરમ સિધ્ધ ગતિ એટલે
મોક્ષ પામે એ શુભ ભાવના સહ
એ ઉચ્ચ કોટી આત્માને વંદન...

**અનુમોદનાર્થી**

શ્રી લાખાપુર આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના
વર્તમાન કમિટી મેમ્બરો

સંઘપતિ : કિશોર ભાણજી ગંગર
પ્રમુખ : હસમુખ માવજી સાવલા • ઉપપ્રમુખ : રાજેશ રાઘવજી સતરા
ટ્રસ્ટીઓ : ચુનીલાલ ભાણજી ગંગર • કાંતિલાલ રાઘવજી સતરા • કમલેશ ધરમશી ગંગર
ખજાનચી : ચંદ્રકાંત માવજી સાવલા
મંત્રીઓ : તારાચંદ મણીલાલ ગાલા • કુમુદ ધરમશી ગંગર • હરીશ ખીમજી ગાલા
કારોબારી સભ્યો : ધનજી ડુંગરશી મારૂ • મુકેશ કલ્યાણજી સાવલા • જતીન ચુનીલાલ ગંગર
હિમાંશુ જયંતિલાલ નંદુ • પ્રિતેશ તારાચંદ ગાલા • અર્પિત રાજેશ ગંગર
અને સંઘના સર્વે શ્રાવકો અને શ્રાવિકાઓ

(CLB-10600)

જાહેરાત સૌજન્ય : માતુશ્રી વસુમતીબેન રાઘવજી સતરા (ચાંદ્લાવાલા) પરિવાર
લાખાપર • મલાડ

KENIA AD AGENCY - 9870155993

## પિતાશ્રી – એક વિરલ આત્માને શત્ શત્ નમન



# શ્રી પંકજ ડુંગરશી ધરોડ

કચ્છ : લાખાપુર, મુંબઈ : ઘાટકોપર

ઘણાં લોકોને જીવન જીવતા આવડે છે,
થોડાં જ લોકો તેને સાર્થક અને સુંદર બનાવી શકે છે,
પરંતુ આવી વિરલ આત્માઓ જ હોય છે,
જે જીવનની અંતિમ ઘડીઓને પણ એટલી જ
સહજતા, ગરિમા અને સમભાવથી સ્વીકારે છે.
તમારું જીવન અત્યંત સરળતા, સહનશીલતા
અને સેવાભાવથી પરિપૂર્ણ હતું.
નાની ઉંમરથી જ જવાબદારીઓ નિભાવવી,
દરેકની મદદ કરવી અને સૌ પ્રત્યે કરુણા રાખવી
એ તમારા સ્વભાવનો સહજ હિસ્સો હતો.
ધર્મગુરુ પ્રત્યેની તમારી અખૂટ ભક્તિ અને
અપાર શ્રદ્ધા સાથે મૃત્યુ પ્રત્યેની તમારી નિર્ભયતા
તમારા વ્યક્તિત્વની અદભુત દૃઢતા દર્શાવે છે.
તમે જીવન નિર્ભયતાથી જીવ્યું
અને વિદાય પણ એટલી જ સહજતાથી સ્વીકારી.
અનશનવ્રતને તમે માત્ર વિદાય નહીં, પરંતુ તમારા વિશ્વાસ,
સંકલ્પ અને આત્મબળની અંતિમ અભિવ્યક્તિ બનાવી.
તમારા જીવનના અંતિમ અધ્યાયને પણ તમે એવી ગરિમા
આપી કે તમારી વિદાય પણ એક ઉત્સવ સમાન બની ગઈ.
તમારો પુરુષાર્થ, તમારો સમભાવ અને
તમારી દૃઢ ધર્મશ્રદ્ધા અમને પણ વિકટ પરિસ્થિતિઓમાં
અડગ અને મજબૂત રહેવાની પ્રેરણા આપતા રહેશે.

(CLB-10646)

રીંકુ જેનીલ સુરેશ ગાલા - સાડાઉ
ફોરમ હિરલ પંકજ ધરોડ - લાખાપુર
ઉર્વી મેહુલ લખમશી રંગાણી - ગઢશીસા

NEEL PARI - 9322299742

# ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. કિંજલ નિતેશ ડુંગરશી દેઢિયા

**કચ્છ - કપાયા ♦ હાલે - વડાલા, મુંબઈ**

**જીવન યાત્રા : તા. ૨૯-૦૪-૧૯૭૧ થી તા. ૦૨-૦૯-૨૦૨૨**

हम भूल गए रे हर बात मगर तेरा प्यार नहीं भूले।
क्या-क्या हुआ दिल के साथ मगर तेरा ख्वाब नहीं भूले॥

અવિમન, યશ્વિકા, ગરીન નિતેશ શાહ (કપાયા-વડાલા, મુંબઈ)
માતુશ્રી શાંતાબેન ડુંગરશી લાલજી દેઢિયા પરિવાર (કપાયા-વડાલા, મુંબઈ)
♦ વડાલા કઝીન્સ: વડાલા, મુંબઈ ♦ ગુલાબી ગેંગ: શંકરધામ-વડાલા, મુંબઈ
થોમસ બર્નાડીન: (મસુરી)

(CLB-10587)

VIRA DIGITAL - 9819 69 0022



કચ્છ : લાખાપુર | **અનંતયાત્રા** | મુંબઈ : ઘાટકોપર

# શ્રી પંકજ ડુંગરશી ધરોડ

**જીવનયાત્રા : ૩૦/૦૪/૧૯૫૮ થી તા.૩૧/૦૮/૨૦૨૬, ઉ.વ.૬૮**

હસમુખ, મિલનસાર સ્વભાવ થકી બહોળો મિત્ર-વર્તુળ ધરાવનારા, કુટુંબ-પરિવાર માટે સમર્પિત રહેનારા,
સૌ પ્રત્યે સ્નેહભર્યા સંબંધો જાળવનારા, સંતાનોનું સુસંસ્કારી જીવન ઘડતર કરનારા
એવા પરિવારના વાત્સલ્યમૂર્તિનો અમે સદેહે ગુમાવ્યો છે એક સંગાથ,
હે પ્રભુ ! દિવગંતશ્રીના આત્માને આપજો પરમ શાંતિ સાથે મોક્ષપદ એ જ અંતરભીની પ્રાર્થના અમારી.

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : માતુશ્રી કુંવરબાઈ નાનજી વીરજી ધરોડ | લાખાપુર |
| માતા-પિતા | : માતુશ્રી હેમકુંવરબેન ડુંગરશી નાનજી ધરોડ | લાખાપુર |
| મોટા સાસુ-સસરા | : માતુશ્રી વેજબાઈ માણેક દેવજી દેઢિયા | લુણી |
| સાસુ-સસરા | : માતુશ્રી નાનુબેન વિસનજી માણેક દેઢિયા | લુણી |
| નાની-નાના | : માતુશ્રી પાનબાઈ ભાણજી મોણશી કેનીયા | બારોઈ |
| નાનાઈ સાસુ-સસરા | : માતુશ્રી રતનબેન લખમશી અજુ સોની | લુણી |
| જીવનસંગીની | : શ્રીમતી વનીતા પંકજ ધરોડ | લાખાપુર |

**પુત્ર-પુત્રવધુ**
ફોરમ હિરલ પંકજ ધરોડ — લાખાપુર
**પુત્રી-જમાઈ**
રીંકુ જેનીલ સુરેશ ગાલા — સાડાઉ
ઉર્વી મેહુલ લખમશી રંગાણી — ગઢશીશા
**દોહિત્ર**
સમ્યક ઉર્વી મેહુલ રંગાણી — ગઢશીશા
**બેન-બનેવી**
અરૂણા નરેન્દ્ર રવિશંકર બાજપાઈ — મુંબઈ
ચંદ્રીકા દેવચંદ વેલજી વીરા — મેરાઉ
પલ્લવી જયંત ખીમજી સાવલા — ડેપા
જયશ્રી શાંતિલાલ વસનજી છાડવા — લાખાપુર
રેખા જીતેન્દ્ર રતનશી સંગોઈ — કપાયા
કોકીલા શેખર પરશુરામ કુલકર્ણી — રત્નાગીરી
**ભાણેજ-ભાણેજ વહુ**
જ્યોતિ વિનીત બાજપાઈ — મુંબઈ
હિલોની કેકીન છાડવા — લાખાપુર
રુચીતા યજ્ઞેશ કુલકર્ણી — રત્નાગીરી
**ભાણેજ**
કેતન દેવચંદ વીરા — મેરાઉ
મેહુલ દેવચંદ વીરા — મેરાઉ
ભાવિક જીતેન્દ્ર સંગોઈ — કપાયા
પુનીત જયંત સાવલા — ડેપા
**ભાણેજી-ભાણેજી વર**
કવિતા મયુખ રોય — મુંબઈ
મેઘના કલ્પેશ જાધવ — મુંબઈ
પુજા મોનીલ ગાલા — સાડાઉ
**ભાણેજી**
નીતા દેવચંદ વીરા — મેરાઉ
રિધ્ધી જીતેન્દ્ર સંગોઈ — કપાયા
**મા-બાપા**
કેશરબેન લાલજી નાનજી ધરોડ — લાખાપુર
**કાકાઈ કાકા-કાકી**
તારાબેન તલકશી જેઠાલાલ ધરોડ — પત્રી
દેવકાંબેન દામજી પ્રેમજી ધરોડ — પત્રી
મંજુલાબેન ભવાનજી પ્રેમજી ધરોડ — પત્રી

**ફુઈ-ફુઆ**
વેજબાઈ ભવાનજી કચુ વોરા — બગડા
લક્ષ્મીબેન લખમશી શાહ — દેશલપુર
**કાકાઈ ભાઈ-ભાભી**
નીલમ દિનેશ લાલજી ધરોડ — લાખાપુર
ચેતના જગદીશ લાલજી ધરોડ — લાખાપુર
**કાકાઈ-કાકાઈ ભાઈ-ભાભી**
વિમળા મણીલાલ દામજી ધરોડ — પત્રી
અરૂણા મહેન્દ્ર દામજી ધરોડ — પત્રી
નીતા નવીન દામજી ધરોડ — પત્રી
લોપા ઈલેશ ભવાનજી ધરોડ — પત્રી
અલ્પા આશીષ ભવાનજી ધરોડ — પત્રી
**કાકાઈ બેન-બનેવી**
ઈલા દિલીપ લાલન — કોડાય
પુનીતા કિશોર છેડા — ગુંદાલા
**કાકાઈ-કાકાઈ બેન-બનેવી**
મંજુલા બિપીન છેડા — નાના ભાડીયા
કલ્પના રાજેશ છેડા — રતાડીયા ગણેશ
**ફુઈયાઈ ભાઈ-ભાભી**
રંજન પરેશ વોરા — બગડા
**ફુઈયાઈ બેન-બનેવી**
નિર્મળા ચંદ્રકાંત છેડા — કાંડાગરા
**મામા**
કાંતિલાલ ભાણજી મોણશી કેનીયા — બારોઈ
**મામા-મામી**
અમૃતબેન હરખચંદ ભાણજી કેનીયા — બારોઈ
રીટા રમેશ ભાણજી કેનીયા — બારોઈ
**માસા-માસી**
અનસુયા જાદવજી છેડા — બારોઈ
નિર્મળા ભવાનજી ધનાણી — બેરાજા
ભાનુમતી મણીલાલ ગડા — કોડાય
દમયંતી રાઘવજી ગાલા — પત્રી
**મામાઈ ભાઈ-ભાભી**
શીતલ અમીત કેનીયા — બારોઈ
ભક્તિ દિપેન કેનીયા — બારોઈ
**મામાઈ બેન-બનેવી**
મીનાક્ષી વિરેશ સાવલા — પ્રાગપુર
ભાવના અમય દેસાઈ — મુંબઈ

**માસીયાઈ ભાઈ-ભાભી**
નીના શરદ છેડા — બારોઈ
મનીષા રાજેશ ગાલા — પત્રી
પ્રીતિ રશ્મીન ગાલા — પત્રી
બીના કિરીટ ગડા — કોડાય
તૃપ્તિ કેતન ગડા — કોડાય
**માસીયાઈ ભાઈ**
મયુર ભવાનજી ધનાણી — બેરાજા
**માસીયાઈ બેન-બનેવી**
રશ્મિ ઉમેશ વીરા — દેશલપુર
રીટા ભરત વીરા — દેશલપુર
બિંદુ પરેશ ગાલા — ફરાદી
ઉષા જગદીશ ગડા — દુર્ગાપુર
ડૉ.આશા અજય દેસાઈ — મુંબઈ
હર્ષા હિતેન ફુરીયા — બિદડા
જીજ્ઞા નિલેશ ગડા — રાયણ
જાગૃતિ મેહુલ રાંભીયા — નાના ભાડીયા
**માસીયાઈ બેન**
જાગૃતિ મણીલાલ ગડા — કોડાય
**સાળા-સાળાવેલી**
વર્ષા જગદીશ વિશનજી દેઢિયા — લુણી
**સાળા**
જયંતિલાલ વિશનજી માણેક દેઢિયા — લુણી
**સાળી-સાઢુભાઈ**
ભાનુબેન હરીલાલ કુંવરજી ગોગરી — પત્રી
નીતાબેન વિપુલ જેઠાલાલ શેઠીયા — છસરા
લીનાબેન હર્ષદ લખમશી રાંભીયા — રામાણીયા
**સાળી**
બા.બ્ર.અન.જયાબેન વિશનજી દેઢિયા — લુણી
**સાળા પુત્ર-પુત્રવધુ**
દેવાંશી આદેશ દેઢિયા — લુણી
**સાળા પુત્રી-જમાઈ**
આયુષી રૂષભ મામણીયા — રામાણીયા
**સાળી પુત્ર-પુત્રવધુ**
રચના પ્રીતેશ ગોગરી — પત્રી
રુમા લકીર રાંભીયા — રામાણીયા

**સાળી પુત્ર**
કૌતુક વિપુલ શેઠીયા — છસરા
**સાળી પુત્રી-જમાઈ**
ચેતના હિરેન ગાલા — છસરા
જીનલ સમીર ગાલા — કાંડાગરા
**કાકાઈ સાસુ-સસરા**
ગુણવંતી રતનશી ખીમજી દેઢિયા — લુણી
**ફુઈયાઈ સાસુ-સસરા**
મઠાબેન વેરશી જીવરાજ નિશર — વડાલા
લીલબાઈ શામજી વિજપાર ગાલા — વડાલા
રતનબેન કુંવરજી દેરાજ ધરોડ — પત્રી
**મામાઈ સાસુ-સસરા**
પુરબાઈ લાલજી લખમશી સોની — લુણી
કેશરબેન કુંવરજી લખમશી સોની — લુણી
**માસીયાઈ સાસુ-સસરા**
હીરબાઈ રામજી રવજી ધરોડ — વડાલા
**વેવાણ-વેવાઈ**
નિર્મળાબેન સુરેશ મગનલાલ ગાલા — સાડાઉ
રેખાબેન નિલેશ મોરારજી સંગોઈ — સમાઘોઘા
નીતાબેન લખમશી પરબત રંગાણી — ગઢશીશા
**પરમ સ્નેહી આત્મીય**
શ્રી લાખાપુર સમસ્ત જૈન મહાજન
શ્રી લાખાપુર આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
ડોંબિવલી કપિલવસ્તુ બિલ્ડીંગના રહેવાસીઓ
ઘાટકોપર આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
**અંતિમ ધર્મ આરાધના કરાવનાર**
વિનલબેન જુબીન ગંગર — મોટી ખાખર
રૂપેશ વિશનજી મામણીયા — કુંદરોડી
**ઋણ સ્વીકાર**
ડૉ.જયેશ ગોસર — દેવપુર
રાજેશ રાઘવજી સતરા — લાખાપુર
જીતેન્દ્ર માવજી લાલન — કોડાય
કિરણ ગાંગજી વીરા — ડોણ
પિયુષ પ્રેમજી ગલીયા — લુણી
અમિત હરખચંદ કેનીયા — બારોઈ

(CLA-10636)

**વનિતા ધરોડ** 9870785305
**હિરલ ધરોડ** 9821087355

## ગુણાનુવાદ સભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

સદ્‌ગત આત્માની શાંતિ અર્થે બાર નવકાર ગણવા. ઘરે આવવાની તકલીફ ન લેવા નમ્ર વિનંતી. ફોન આવકાર્ય
ઉપરોક્ત સંબંધીઓના નામમાં કોઈનું નામ રહી ગયું હોય કે ભૂલચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્

**રીંકુ ગાલા** 9870765953
**ઉર્વી રંગાણી** 9773434686

**નિવાસ : હિરલ પંકજ ધરોડ. ૧૬૦૧, સમર્પણ બિલ્ડીંગ નં.૯૩, યશવંત શેઠ જાધવ માર્ગ, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦૦૭૫**

NEEL PARI - 9322299742

# અનશનવ્રતધારી દિવ્યાત્માને માનાંજલિ



કચ્છ
મોટા કપાયા

મુંબઈ
ઘાટકોપર

# શ્રી માવજી મોરારજી દેઢિયા

સુખ-દુ:ખમાં પણ જેના મુખ પર સદાય રહેતી સૌમ્યતા,
ધર્મ - વડિલો અને ગુરૂભગવંતો પ્રત્યે દાખવી જેણે નમ્રતા,
પ્રભુ વીરે પ્રરૂપેલા ધર્મના આધારો જાણી અજાણી સંસારની અસારતા,
અનશનવ્રત થકી પામ્યા લખ ચૌર્યાસીના ફેરામાંથી મુક્તતા...
સુશ્રાવક ત્રીજા ઉપવાસે સમાધિમરણ પામેલ છે.
એમનો દિવ્ય આત્મા શીઘ્રાતીશીઘ્ર મોક્ષ ગતિને પામે એજ પ્રાર્થના સહ અનુમોદના

**ધર્મપત્ની:** શ્રીમતી ભાનુબેન માવજી મોરારજી દેઢિયા - મોટા કપાયા
**પુત્ર-પુત્રવધુ :** દિપ્તી (દીપા) જીગ્નેશ દેઢિયા - મોટા કપાયા
**પૌત્ર :** મીત જીગ્નેશ દેઢિયા - મોટા કપાયા

(CLB-10644)

NEEL PARI - 9322299742

## અનશનવ્રતધારી જમાઈ સુશ્રાવક
## શ્રી પંકજભાઈ ડુંગરશી નાનજી ધરોડને

# શ્રદ્ધાંજલિ..





શ્રાવકનાં ત્રીજા મનોરથ જેવા
ભગીરથ કાર્યક્ષેત્રે આબેહુબ
સસરા સમાન સન્માર્ગની
કેડી કંડારનાર અમારા બનેવીને
કોટિ - કોટિ વંદન હોજો...

કચ્છઃ લાખાપર
મુંબઈઃ ઘાટકોપર

**અરિહંતશરણ : તાઃ ૩૧-૦૮-૨૦૨૬**

હે! પ્રભુ આપ પાસે આવેલ આત્માને નતમસ્તકે નમન...
અને વહેલી તકે એ જીવાત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાઓ
એજ અમારા સૌનાં અંતરની અભિલાષા...

લિ. આપની પ્રેમાળ સ્મૃતિમાં

## માતુશ્રી નાનુબેન વશનજી માણેક દેઢિયા (લુણી) પરિવારજનો

જયંતીલાલ વશનજી દેઢિયા
આયુષી રૂષભ દીપક મામણીયા - રામાણીયા
દિઓના રૂષભ મામણીયા

વર્ષા અને જગદીશ વશનજી દેઢિયા
દેવાંશી આદેશ જગદીશ દેઢિયા

ભાનુબેન હરિલાલ કુંવરજી ગોગરી - પત્રી
રચના પ્રિતેશ હરિલાલ ગોગરી

ચેતના હિરેન મણીલાલ ગાલા - છસરા
જીનલ સમીર દામજી ગાલા - કાંડાગરા

નિતા વિપુલ જેઠાલાલ શેઠિયા - છસરા

કૌતુક વિપુલ શેઠિયા

લીના હર્ષદ લખમશી રાંભીયા - રામાણીયા

રુમા લકીર હર્ષદ રાંભીયા

JDVA ✤ AAYUSHI DESIGN STUDIO

(CLB-10601)

DEDHIA ARTS - 98203 54681



કચ્છ : રાયણ — પ્રભુસમીપે — હાલે : ઉમરગામ

# શ્રી હર્ષલ શૈલેષભાઈ ટોકરશી વેરશી ગાલા

જીવનયાત્રા : તા.૦૭-૦૨-૧૯૮૨ થી તા.૨૬-૦૮-૨૦૨૬, ઉ.વ.૪૪.

વિનમ્ર, પ્રેમાળ, સૌનો લાડકવાયો, કૃષિ ક્ષેત્રમાં ઉત્તમ, સદાય પ્રકૃતિના ખોળામાં હસતો રમતો, સર્વત્ર પ્રેમ પ્રસરાવીને આમ અકલ્પનીય રીતે, કોઈપણ સંકેત આપ્યા વગર અનંતની યાત્રાએ પ્રયાણ કરનાર **હર્ષલ** ને પરમ કૃપાળુ પરમાત્મા શિઘ્રાતિશીઘ્ર મોક્ષગામી બનાવે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : માતુશ્રી મીઠીબાઈ ટોકરશી વેરશી ગાલા | રાયણ |
| માતા-પિતા | : અ.સૌ. અમૃતબેન શૈલેષભાઈ ગાલા | રાયણ |
| મોટા સાસુ-સસરા | : માતુશ્રી ચંચળબેન કલ્યાણજી પાલણ ગડા | બાડા |
| સાસુ-સસરા | : અ.સૌ. અરૂણાબેન કાંતિભાઈ કલ્યાણજી ગડા | બાડા |
| નાની-નાના | : માતુશ્રી મણીબાઈ વીરજી ટોકરશી છેડા | લાયજા |
| નાનાઈ સાસુ-સસરા | : માતુશ્રી ઝવેરબેન કલ્યાણજી રવજી છેડા | લાયજા |
| જીવનસંગીની | : શ્રીમતી હેલીન હર્ષલ ગાલા | રાયણ |

**પુત્ર**
શૈલ હર્ષલ શૈલેષ ગાલા — રાયણ

**પુત્રી**
વ્રીયા હર્ષલ શૈલેષ ગાલા — રાયણ

**ભાઈ-ભાભી**
એકલ કુણાલ શૈલેષ ગાલા — રાયણ

**બેન-બનેવી**
અમી રોહિત રમેશ એકતારે — પૂના

**ભત્રીજા**
રાજ કુણાલ શૈલેષ ગાલા — રાયણ

**ભાણેજ**
અયાંશ રોહિત રમેશ એકતારે — પૂના
આયુશ રોહિત રમેશ એકતારે — પૂના

**મા-બાપા**
લક્ષ્મીબેન મણીલાલ ટોકરશી ગાલા — રાયણ
જયાબેન ધીરેન ટોકરશી ગાલા — રાયણ
કુસુમબેન પ્રવિણ ટોકરશી ગાલા — રાયણ

**કાકા-કાકી**
સરલા મૂળરાજ ટોકરશી ગાલા — રાયણ-USA

**ફુઈ-ફુઆ**
નની /ભારતી વસંત મેઘજી દેઢિયા — ભારાપુર

**કાકાઈ ભાઈ-ભાભી**
વંદના આનંદ મણીલાલ ગાલા — રાયણ-USA
દિપ્તી પ્રકાશ ધીરેન ગાલા — રાયણ
સંગીતા રાહુલ પ્રવિણ ગાલા — રાયણ-Australia
લક્ષ્મી અપૂર્વ પ્રવિણ ગાલા — રાયણ-New Zealand

**કાકાઈ બેન-બનેવી**
હીતેશી ભૂવન અરવિંદ દેઢિયા — બિદડા-પૂના
ફાલ્ગુની ડેવીડ — કેનેડા
મીરા હેમલ નલીન શાહ — તુંબડી
સુચી ગુંજન હરીન માટલીયા — USA
રૂચી શ્રીધર પિયુષ શાહ — USA

**ફુઈયાઈ ભાઈ-ભાભી**
હેતલ ધવલ વસંત દેઢિયા — ભારાપુર

**ફુઈયાઈ બેન-બનેવી**
રાજુલ ધીમંત ધીરજ વિસરીયા — કોડાય

**ફુઈયાઈ બેન**
સ્વ.કેતકી વસંત મેઘજી દેઢિયા — ભારાપુર

**મામા-મામી**
રસીકબેન ખીમજી વીરજી છેડા — લાયજા
નિર્મલા મુલચંદ વીરજી છેડા — લાયજા
મૃદુલા જયંતિલાલ વીરજી છેડા — લાયજા

**માસા-માસી**
જયાબેન લક્ષ્મીચંદ જેઠાભાઈ ગાલા — બાડા
સુશીલા હસમુખ લીલાધર ગડા — કોડાય
મંજુલા નરેન્દ્ર લાલજી વિસરીયા — બાડા

**મામાઈ ભાઈ-ભાભી**
ભારતી જયેશ ખીમજી છેડા — લાયજા
લીના ધર્મેશ ખીમજી છેડા — લાયજા
દીપા પરાગ મુલચંદ છેડા — લાયજા-USA
ધ્વની નિકુંજ જયંતિલાલ છેડા — લાયજા

**મામાઈ બેન-બનેવી**
પ્રજ્ઞા જયેશ પદમશી ગોગરી — મોટા આસંબીયા
હેતલ વિપુલ પોપટલાલ ગડા — માપર
જીલ્પા નયન ભવાનજી સાલીયા — ખાખર
નિશા જીગર નવીન રાંભીયા — રામાણીયા
નીપા નીરવ સતીષ વિકમાણી — કોટડા-USA

**મામાઈ બેન**
ઉષા ખીમજી વીરજી છેડા — લાયજા

**માસીયાઈ ભાઈ-ભાભી**
ડૉ.સીમા અમિત લક્ષ્મીચંદ ગાલા — બાડા
ડૉ.માનસી સાગર નરેન્દ્ર વિસરીયા — બાડા-USA

**માસીયાઈ બેન-બનેવી**
દક્ષા દિપેન મેગજી રાંભીયા — ગોધરા
ડૉ.રીના સમીર વસંત વીરા — દેશલપુર
જીનલ નિખીલ તરૂણ દેઢિયા — ગઢશીશા
હીરલ રાજ શાંતિલાલ નાગડા — ગઢશીશા
જેસીકા હિતેન ધીરજ છેડા — ગોધરા

**માસીયાઈ બેન**
શીતલ લક્ષ્મીચંદ જેઠાભાઈ ગાલા — બાડા

**સાળી-સાઢુભાઈ**
વીનસ સચીન રમેશ વિકમાણી — બાડા-UK

**કાકાઈ સાસુ-સસરા**
મંજુલાબેન મણીલાલ કલ્યાણજી ગડા — બાડા-વલસાડ
રેખાબેન કિશોર કલ્યાણજી ગડા — બાડા-વડોદરા

**ફુઈયાઈ સાસુ-સસરા**
જયોતિબેન જયંતભાઈ નાગજી છેડા — ગોધરા-વડોદરા

**કાકાઈ સાળા**
પ્રીયમ કિશોર કલ્યાણજી ગડા — બાડા-કેનેડા

**કાકાઈ સાળી-સાઢુભાઈ**
શ્રેયા જીમીત નિતીન શેઠીયા — લાખાપુર-વલસાડ
ધ્વનિ ધ્રુમન પ્રશાંત શાહ — પૂના

**ફુઈયાઈ સાળા-સાળાવેલી**
મીનલ નિહાર જયંત નાગજી છેડા — ગોધરા

**મામાઈ સાસુ-સસરા**
ભાવનાબેન વસંત કલ્યાણજી છેડા — લાયજા
ગીતાબેન અશ્વિન કલ્યાણજી છેડા — લાયજા

**માસીયાઈ સાસુ-સસરા**
ગુણવંતીબેન નવીન આસુભાઈ સાવલા — ભીંસરા-લાયજા

**મામાઈ સાળા-સાળાવેલી**
નીતા દિવ્યાંગ વસંત છેડા — લાયજા
ખ્યાતિ કોમીલ વસંત છેડા — લાયજા
જેસીકા સાહિલ અશ્વિન છેડા — લાયજા

**માસીયાઈ સાળા-સાળાવેલી**
વીનસ સમીર નવીન સાવલા — ભીંસરા/લાયજા

**માવિત્રના વેવાણ-વેવાઈ**
મંજુલાબેન અશોકભાઈ કુંવરજી શાહ — બિદડા
વૈશાલીબેન રમેશભાઈ એકતારે — પૂના

**પરમ સ્નેહી**
ગાલા પરિવારના હિતેચ્છુઓ
સમસ્ત જૈન સંઘ — ઉમરગામ
કચ્છી જૈન સંઘ — ઉમરગામ
ગફુરભાઈ બિલખીયા — વાપી
ડૉ.અરૂણભાઈ દવે — લોકભારતી સણોસરા
ડૉ.જીતેન તિવારી — મુંબઈ
સ્નેહલ ભરતભાઈ શાહ — સરીગામ
બ્રીજેશ ભરતભાઈ શાહ — સરીગામ
શીરીષ પારસમલજી શાહ — વાપી
જાગૃતિ વિવેકભાઈ — વાનગાંવ
ધીરૂભાઈ ડાહ્યાભાઈ — દહેરી
જતીન પટેલ — ઉમરગામ
હિમાંશુ પુનમીયા — બોરડી
ઓમપ્રકાશ સોની — બોરડી
દિલીપભાઈ પ્રજાપતિ — બોરડી
નલીનકાંત — બોરડી
તરલ પટેલ — બોરડી
S.P.H. હાઈસ્કુલ બોરડીના ગુરૂજનો
ભગવાનભાઈ રાઠોડ — ઉમરગામ
અશોક મિશ્રાજી — ઉમરગામ
સમીરભાઈ બિશ્વાસ — ઉમરગામ
સંજયભાઈ રાઉત — ઉમરગામ
મહેશ નાયકા — રતનાલ, કચ્છ

**પ્રાર્થના સભા : બુધવાર, તા.૦૨-૦૯-૨૦૨૬ • સમય : ૪.૦૦ થી ૫.૩૦**
સ્થળ : શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘની નારાણજી શામજી વાડી, પહેલે માળે, માટુંગા (સે.રે.), મું - ૧૯
ભકિતગીત : ઈલા અમરીશ શાહ (હાલાપુર) અને સાથી વૃંદ ● લૌકિક વ્યવહાર સદંતર બંધ છે ● ચક્ષુદાન કરેલ છે.
ઉપરોકત સંબંધીઓના નામમાં કોઈનું નામ રહી ગયું હોય કે ભૂલચૂક થઈ હોય તો ક્ષમા કરશોજી.

વેલે પાર્કિંગ રાખેલ છે

**નિવાસ : અમૃતબેન શૈલેષ ગાલા**
પંચવટી ફાર્મ,
G.E.B ની પાછળ, G.I.D.C.,
ઉમરગામ (વેસ્ટ), ૩૯૬૧૭૧

અમૃતબેન : 9773205206, હેલીન : 9428762622, કુણાલ : 9227712401

(CLA-10617)

**ગાલા ફાર્મ** - ઉમરગામ • **પ્રવિણ બાગ** - રતનાલ (કચ્છ) • **અમૃતડેરી** - ઉમરગામ

NEEL PARI - 9322299742

# અલવિદા ! દોસ્ત...

## જીગરજાન મિત્રને દોસ્તાંજલી



**કેટલાક સંબંધો લોહીના નથી હોતા,**
**પણ દિલના એટલા નજીક હોય છે કે**
**તેમના વિયોગની પીડા શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી...**
મનોજ ! અમારા માટે માત્ર એક મિત્ર નહોતો,
પરંતુ જિગરનો ટુકડો, સુખ-દુઃખના સાથી અને
જીવનની અનેક યાદોના સહયાત્રી હતો.
તારી સાથે વિતાવેલી દરેક પળ આજે આંખો સામે તરવરે છે...
**તારી નિખાલસ હાસ્યભરી વાતો, તારો મળતાવડો સ્વભાવ અને**
**તારી આત્મીયતા હવે માત્ર યાદોમાં જ જીવંત રહેશે.**
આજે હૃદય ભારે છે... આંખો ભીની છે...અને
મન એક વાત સ્વીકારવા તૈયાર જ નથી કે
"મનોજ, તું હવે અમારી વચ્ચે નથી..."
ઈશ્વર દિવંગત આત્માને શાંતિ અર્પે અને
પરિવારજનોને આ અપૂરણીય ખોટ સહન કરવાની શક્તિ આપે.

**જીગરજાન મિત્રને અંતરની અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



## શ્રી મનોજ (ગૌરી) મંગલદાસ ભાનુશાલી

**(મોડકુબા કચ્છ - મુલુંડ)**

અરિહંત શરણ : તા. 1-9-2026

**પ્રાર્થના સભા : બુધવાર, તા. ૨-૯-૨૦૨૬, બપોરે ૫.૦૦ થી ૭.૦૦**

સ્થળ : શ્રી કાલિદાસ બેન્કવેટ, કાલિદાસ સ્પોર્ટસ્ કોમ્પલેક્ષ, પી. કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.

## નેમલીલા પરિવાર (નાગલપુર)

**હરખચંદ ખીમજી ગંગર (ચુનડી)**

પ્રદીપ લખમશી ગડા (નાના ભાડીયા)    લક્ષ્મીચંદ વસનજી ચંદ્રુઆ (બગડા)

(CLNMB-10647)

**North India Association [Punjab Club] Friends Group**

BINITA S. MARU - 9869034162

**કપાયાના મામાઈ સાસરા પરિવારની વ્હાલા જમાઈશ્રી/ફુઈયાઈ બનેવીશ્રીને**

# અંતરભીની પુષ્પાંજલિ

**જીવદયા-અનુકંપાના હિમાયતી - વતનપ્રેમી - અનશનવ્રતધારી**

# શ્રી માવજીભાઈ મોરારજી દેઢિયા

અનશનવ્રતના ત્રીજા ઉપવાસે અરિહંતશરણ : તા. ૨૭.૮.૨૦૨૬

**કચ્છ : મોટા કપાયા**



સ્વભાવમાં સૌમ્યતા, દૃઢ મનોબળ અને નિડર સ્વભાવી, હાસ્યમિજાજી, નાના-મોટા સૌ પ્રત્યે સ્નેહભાવ ધરાવનારા, માતૃભૂમિ પ્રત્યે અતૂટ લાગણી ધરાવનારા, ગામ-સમાજ-શાસનના કાર્યોમાં સદૈવ તન-મન-ધનથી સમર્પિત રહીને સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા તથા વૈયાવચ્ચમાં અગ્રેસર રહેનારા, જીવદયાપ્રેમી અમારા વાત્સલ્યમૂર્તિ જમાઈ **શ્રી માવજીભાઈ**એ અંત સમયે શ્રાવકના ત્રીજા મનોરથરૂપી અનશનવ્રત આદરીને જીવનને દિપાવી ગયા. સદ્‌ગતશ્રીનો પુનિત આત્મા સિધ્ધ પદને પામો એજ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ સદ્‌ગતશ્રીને શ્રધ્ધા સુમન અર્પણ.

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

**લિ. શોકમગ્ન : મામાઈ સાસરીયા પરિવાર**

